કેસ રજુ કર્યા તારીખ :- ૦૮/૦૮/૨૦૦૩

કેસ દાખલ તારીખ :- ૦૮/૦૮/૨૦૦૩

કેસ ફેંસલ તારીખ :- ૧૩/૧૧/૨૦૨૪

સમય : વર્ષ માસ દિવસ

મહે. ૧૬ માં, એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે, અમદાવાદ.

ક્રિમિનલ કેસ નંબર. : ૩૦૨૧૭૬/૨૦૦૩

આંક:- ૨૬

<u>ફરીયાદી :-</u>

શ્રી સરકાર

વિરૂધ્ધ

<u>તહોમતદારો :-</u>

(૧) નીતેશકુમાર લક્ષ્મીનારાયણ ઠાકુર, ઉ. વ. - ૧૯,

(૨) રોબીન લુઈશભાઈ ક્રિશ્ચન, ઉ. વ. - ૨૦,
(આંક - ૧૩ તળેના હુકમ મુજબ કેસ અલગ કરેલ છે. )

(૩) કાન્તીભાઈ મોહનભાઈ કુલાણી, ઉ. વ. - ૫૩, (મરણ ગયેલ છે)

(૪) પ્રકાશ ઉદાજી કરાડીયા, ઉ. વ. - ૧૯,
તમામ રહે. - પતરાવાળી ચાલી, ચમનપુરા, અમદાવાદ,

ગુનો :- ઈ. પી. કો. કલમ - ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા
ધી બોમ્બે પોલીસ એકટ કલમ - ૧૩૫(૧) મુજબ

---------------------------------------

**ફરીયાદપક્ષે :- વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઈ.**

**તહોમતદાર નં. – ૧, ૪ તરફે :- વિ. વ. શ્રી કે. એન. પટણી.**

----------------------------------------

**-: ચુ કા દો :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારોએ તા: ૧૦/૦૪/૨૦૦૩ ના કલાક: ૨૨.૦૦ વાગે ચમનપુરા પતરાવાળી ચાલી, ૧૨ બ્લોકની આગળ જાહેરમાં ફરયાદીએ તહોમતદારો ઠઠા મશ્કરી કરતાં હોય તેમ કરવા ના પાડતા તહોમતદારોએ છુટા પથ્થરો ફેંકી ફરીયાદી તથા સાહેદ નં. – ૬ ને ઈજા પહોચાડેલી. આ કામના તહોમતદાર નં. – ૨ વાળાએ લોખંડની પાઈપ ફરીયાદીને જમણા પગના પંજા ઉપર મારી ઈજા પહોચાડેલી. આ ગુન્હો કરવામાં એક બીજાની મદદગારી કરેલી. આ સમયે પોલીસ કમીશ્નરશ્રીનું હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા આ ફરીયાદ ગુ. ર. નં. । – ૬૭/૨૦૦૩ થી ઈ. પી. કોડની કલમ – ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી બોમ્બે પોલીસ એકટ કલમ – ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ ફરીયાદીની ફરીયાદ આધારે તપાસનીશ અધિકારીશ્રીએ તપાસ કરતા પુરતો પુરાવો મળી આવતા તા. ૦૮/૦૮/૨૦૦૩ ના રોજ અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આ કામના તહોમતદારોને સમન્સ કરવામાં આવતા આ કામના તહોમતદાર નં – ૧ અને ૪ વાળા અદાલતમાં હાજર થયેલા. આ કામના તહોમતદાર નં – ૨ વાળા મળી આવતા નહી હોવાની હકીકતો જાહેર થયેલી. આ કામે તહોમતદાર નં – ૧ અને ૪ વાળાએ આંક – ૧૩ થી તેઓની ટ્રાયલ અલગ ચલાવવા માટે અરજી રજૂ રાખતા તેઓ પુરતુ આ કામ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો. આ કામે ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૦૭ ની જોગવાઈઓ મુજબ તહોમતદારોને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આ કામના તહોમતદારો વિરૂધ્ધ આંક – ૧૪ થી તા. ૧૫/૯/૨૩ ના રોજ તહોમતનામું ફરમાવી આંક – ૧૫ અને ૧૬ થી તેઓનું નિવેદન નોંધતા તહોમતદાર નં – ૧ અને ૪ વાળાએ ગુનો કબુલ નહી હોવાનું જાહેર કરતા આ કામ ફરીયાદ પક્ષના પુરાવા નોંધવા પર રાખવામાં આવેલ. આ કામે ત્યાર બાદ તહોમતદાર નં – ૩ વાળા

અવશાન પામતા તેઓ વિરૂધ્ધની કાર્યવાહી એબેટ કરવાનો આદેશ કરવામાં આવેલો.

(૩) સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા, સદર કામ આશરે ૨૧ વર્ષ જુનુ હોય આ કામના ફરીયાદી તેમજ અન્ય સાહેદોને અત્રેની અદાલત ધ્વારા અવાર – નવાર સાહેદ સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તેઓ મળી આવતા ન હોઈ તેમજ વળી, આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી પણ મળી આવતા ન હોય સદર કેસ આ જ સ્થિતીમાં મુકી રાખવાથી ન્યાયનો હેતુ સર આવે તેમ ન હોઈ, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષે કોઈ સાહેદો તપાસવામાં આવેલ નહી હોવાની હકીકતોએ તહોમતદાર નં – ૧, ૪ નું ક્રિ. પ્રો. કોડની કલમ – ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે બંને પક્ષે વિસ્તૃત રજૂઆતો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના આખરી નિકાલ માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: <u>મુ દ્દા ઓ</u> :–**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, ગઈ તા: ૧૦/૦૪/૨૦૦૩ ના કલાક: ૨૨.૦૦ વાગે ચમનપુરા પતરાવાળી ચાલી, ૧૨ બ્લોકની આગળ જાહેરમાં ફરયાદીએ તહોમતદારો ઠઠા મશ્કરી કરતાં હોય તેમ કરવા ના પાડતા તહોમતદારોએ છુટા પથ્થરો ફેંકી ફરીયાદી તથા સાહેદ નં. – ૬ ને ઈજા પહોચાડેલી. આ કામના તહોમતદાર નં. – ૨ વાળાએ લોખંડની પાઈપ ફરીયાદીને જમણા પગના પંજા ઉપર મારી ઈજા પહોચાડેલી. આ ગુન્હો કરવામાં એક બીજાની મદદગારી કરેલી. આ સમયે પોલીસ કમીશ્નરશ્રીનું હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કોડની કલમ – ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી બોમ્બે પોલીસ એકટ કલમ – ૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના ન્યાય નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં. - ૧ ના કારણોની ચર્ચા :-**

(૭) સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા આ કામે ફરીયાદી તેમજ સાહેદોને અત્રેની અદાલત ધ્વારા અવાર - નવાર સમન્સ કરવામાં આવતા ફરીયાદી તેમજ સાહેદો જણાવેલ સરનામે રહેતા ન હોઈ, તેમજ તેઓ કયાં રહેવા જતા રહેલ છે તેની કોઈ ખબર ન હોય, તેઓ મળી આવેલ ન હોઈ તેઓની સોગંદ ઉપર જુબાની રેકર્ડ થઈ શકેલ ન હોઈ ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. તેજ રીતે સદર ગુનાની તપાસ કરનાર અધિકારીને અવાર - નવાર અત્રેની અદાલત ધ્વારા સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તેઓ પણ મળી આવતા ન હોય તેઓની પણ જુબાની રેકર્ડ થઈ શકેલ નથી. વળી, સદર કેસ આશરે ૨૧ વર્ષ જુનુ છે. વધુમાં જયારે ખુદ ફરીયાદી મળી આવતા ન હોઈ તેમજ વળી, આ કામના અન્ય સાહેદો પણ મળી આવતા ન હોઈ, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત રજુ પુરાવો તથા પુરાવાનું કરેલ મુલ્યાંકન અને તહોમતદારો વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાંના આક્ષેપીત કલમોના આવશ્યક તત્વો અને કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા આ કામના તહોમતદારોએ એકબીજાની મદદગારીથી છુટા પથ્થરો ફેકી ફરીયાદીને લોખંડની પાઈપ મારેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં. - ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. - ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

(૧) આ કામના તહોમતદાર નં. - ૧) - નીતેશકુમાર લક્ષ્મીનારાયણ ઠાકુર, ઉ. વ. - ૧૯, તથા તહોમતદાર નં - ૪) પ્રકાશ ઉદાજી કરાડીયા, ઉ. વ. - ૧૯, બંને રહે. - પતરાવાળી ચાલી, ચમનપુરા, અમદાવાદવાળાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ - ૨૪૮(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ - ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી બોમ્બે પોલીસ એકટ કલમ - ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના તહોમતદાર નં. - ૩) કાન્તીભાઈ મોહનભાઈ કુલાણી, નાઓ ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન પામેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના તહોમતદાર નં. – ૨) રોબીન લુઈશભાઈ ક્રિશ્ચન વિરૂધ્ધ અલગથી ચાર્જશીટ કરવી.

(૩) આ કામના તહોમતદાર નં – ૧, ૪ વાળાના જાત મુચરકા તથા જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના તહોમતદાર નં – ૧, ૪ વાળાએ અપીલ સમયગાળા દરમ્યાન માટે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપવા.

હુકમ આજ તા. – ૧૩ મી, માહે – નવેમ્બર, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૩/૧૧/૨૦૨૪.**
**સ્થળ : અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૧૬ માં એડી.ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

**#JPSADAT#**